

# વચનામૃતમાં
# શ્રી
# નરનારાયણ
# દેવ

શ્રીજી મહારાજની પરંપરાની પ્રસાદીની આ શ્રીનરનારાયણદેવની મૂર્તિ જે હાલ પ. પૂ. પ. પૂ. ૧૦૦૮ આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રાતઃ પૂજામાં છે.

## અમારા બે શબ્દ

આ કલ્યાણસ્વરૂપ સત્સંગમાં આવનારાઓને ચિંતામણી તુલ્ય અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સર્વોપરિ કલ્યાણકારી શ્રી હરિની પ્રાપ્તિ થઈ છે પણ જો આ વાત ન સમજાય તે શ્રી હરિએ સ્વહસ્તે પ્રતિષ્ઠિત શ્રી નરનારાયણદેવ જે સર્વાવતારી યોગ્ય છે તેને વચનામૃતમાં લખાયા પણ લઈ નાખી તો આપણા ધર્મકાર્યોમાં જરૂરી કાર્ય રહે, તે શ્રી હરિના સ્વમુખે બોલાયેલ અને પાંચ સંતોએ દ્વારા સંપાદિત કરાયેલ ૨૭૩ વચનામૃતો પૈકી થોડા લાગેલ આ વચનામૃતોનો સંગ્રહરૂપે આત્મકલ્યાણ કરવાની પ્રતીતિ કરો.

અને આ વચનામૃતનો અમૂલ્ય સંગ્રહ કરવામાં છે પણ મુમુક્ષુ ભક્તોએ આ વચનામૃતોને વારંવાર વાંચી અંતરમાં ઉતારવા જેથી પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો અલૌકિક મહિમા સમજાશે અને સત્સંગમાં દૃઢતાપૂર્વક નિશ્ચય સુખ પ્રાપ્ત થશે.

શુભાશીર્વાદ સહ
આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી
તા. ૯ ઓક્ટોબર ૨૦૦૬

... પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે શ્રી નરનારાયણના પ્રતાપ થકી અમને એવું વર્તે છે જે હું આત્મા છું, અછેદ્ય છું, અભેદ્ય છું, સચ્ચિદાનંદ છું, એને આમાંથી મોક્ષ છે તે તો સ્વસ્વરૂપનો પ્રકાશ તથા શ્રી નરનારાયણની ઉપાસના તે વડે છે.....

અને તે શ્રી નરનારાયણની ઉપાસનાને પ્રતાપે કરીને આ બ્રહ્માંડમાં જેટલી દેવાંગના આદિ સ્ત્રીઓ છે તે સર્વે આવીને હૈયામાં ઊભી રહે, અને જેટલા બ્રહ્માંડમાં સારા પદાર્થ છે તે સર્વે આવીને હાજર થઈ હોય પણ એ સર્વે મળીને અમને મોહ પમાડવા સમર્થ નથી. .....

(ગ.પ્ર.૯)

---પછી શ્રીજીમહારાજ બોલ્યા જે એ અમારી આજ્ઞા છે જે, હરિભક્ત માત્રને શ્રી નરનારાયણની મૂર્તિ કાગળમાં લખાવી દઈશું, તે પૂજજ્યો, અને એ પૂજા સર્વે શાસ્ત્રે કરીને પ્રમાણ છે.--- તે અમારી આજ્ઞાએ કરીને તમે સર્વે નરનારાયણની પૂજા રાખજ્યો તો, અમારે અને નરનારાયણને તો સુધો મન-મેળાપ છે, તે એમ નરનારાયણને કહીશું જે હે મહારાજ, જે પંચવર્તમાનમાં રહીને અમારી આપેલ જે તમારી મૂર્તિ તેને પૂજે, તેમાં તમે અખંડ વાસ કરીને રહેજો.--- તમે સર્વે એમ નિશ્ચે જાણજો જે, એ મૂર્તિ તે શ્રીનરનારાયણ દેવ પંડેજ છે, એવું જાણીને કોઈ દહાડો મૂર્તિ અપૂજ રહેવા દેશોમાં.---

(ગ.પ્ર.પ્ર.૬૮)

--- માટે આ સંસારમાં દૃઢ બ્રહ્મચર્યવાળા તો એક નરનારાયણઋષિ છે, અને તે નરનારાયણનો આપણે આશ્રય છે, તેના પ્રતાપ થકી ધીરે ધીરે તે નરનારાયણનું ભજન કરીને, આપણે પણ એ સરખા નિષ્કામી થઈશું...

(ગ.પ્ર.પ્ર.૭૩)

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, આપણે તો શ્રી નરનારાયણના દાસ છીએ, તે શ્રી નરનારાયણને જેમ ગમે તેમ રાજી રહેવું, અને એ શ્રી નરનારાયણની ઈચ્છા હશે તો સત્સંગની વૃદ્ધિ થશે, ને જો એમને ઘટાડવો હશે તો ઘટી જશે, અને એ નરનારાયણ આપણને હાથીએ બેસારે તો હાથીએ બેસીને રાજી રહેવું અને ગધેડે બેસારે તો ગધેડે બેસીને રાજી રહેવું. અને એ શ્રી નરનારાયણના ચરણારવિંદ વિના બીજે ક્યાંય પ્રીતિ રાખવી નહિ.

(ગ.પ્ર.પ્ર.૭૪)

....તપસ્વીના જેવો છે વેષ જેનો એવા જે શ્રી નરનારાયણ ભગવાન તે મોટે દુઃખે કરીને મોટું તપ કરે છે....

....અને ભરતખંડને વિષે રહ્યા જે તે પોતાના ભક્તજન તેમના જે ધર્મ, જ્ઞાનાદિક ગુણ તે જોતે અતિશે અલ્પ હોય તો પણ તે ભગવાનના ઘણા ઉગ્ર તપને પ્રતાપે કરીને કોટાન કોટ અતિશે વૃદ્ધિને પામે છે... એવી રીતે જે પોતાના ભક્ત છે તેમનું તે ભગવાનના તપે કરીને નિર્વિઘ્ન કલ્યાણ થાય છે પણ જે ભગવાનના ભક્ત નથી તેમનું કલ્યાણ થતું નથી.

(સા.૧૬)

... આપણે પણ શ્રી નરનારાયણનું મંદિર શ્રી અમદાવાદ નગરને વિષે કરાવ્યું છે અને બીજાં પણ કેટલાંક છે, માટે તે નિમિત્ત શિષ્ય વિના કોઈને ફેરવું નહીં ને શ્રી નરનારાયણદેવની ઈચ્છા હશે તો મંદિર થશે અને ઈચ્છા નહીં હોય તો નહીં થાય પણ તે સારું આપણે તો કોઈ પ્રકારે ફિકર ન થાય તેમ કરવું અને સમૈયા આવે ત્યારે જન્માષ્ટમી આદિક ઉત્સવને દિવસે શ્રી નરનારાયણની ઈચ્છાએ કરીને કોઈવાર હજારો ને લાખો રૂપિયાની સામગ્રીએ કરીને ઉત્સવ થાય અને કોઈવાર ગરીબોનું પણ કરીને ઉત્સવ થાય પણ સહેજે થાય તે ભલું પણ આગ્રહ કરીને કોઈ વાત કરવી નહીં; અને જે નરનારાયણદેવને પોતાની ભક્તિએ કરીને ધરતી, વાડી, ગામ, ગરાસ આપે તે ભલે આપે, પણ આપણે કોઈને ભગવાને ફેરવું નહીં

(ગ. અં. પ્ર. ૨૧)

... અમે અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા ગયા હતા ત્યારે હજારો માણસોનો મેળો ભરાયો હતો પછી જ્યારે શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા થઈ રહી અને અમદાવાદના બ્રાહ્મણ ચોરાશી જમી રહ્યા પછી અમે સાબદા થઈ ચાલ્યા નિકળ્યા----- -- અમારા અંતરમાંથી એક નરનારાયણ વિના બીજું કાંઈ ગમતું નહીં---- પછી અમે મનને કહ્યું જે તારું કહ્યું રૂપ છે તેવું હું જાણું છું, જે ભગવાન વિના બીજા પદાર્થનો ઘાટ ઘડશે તો તારા ભૂકા કરી નાખીશ. તેમજ બુદ્ધિને કહ્યું જે ભગવાન વિના બીજાનો નિશ્ચય કર્યો તો ખોટી વાત છે. તેમજ ચિત્તને કહ્યું કે ભગવાન વિના બીજું ચિંતવન કર્યું તો તારા પણ ભૂકા કરી નાખીશ તેમજ અહંકારને કહ્યું જે ભગવાનના દાસપણા વિના બીજું અભિમાન ધર્યું તો તારો નાશ કરી નાખીશ....

(ગ. અં. પ્ર. ૨૨)

... પુરુષોત્તમ એવા શ્રી નરનારાયણ સર્વે અવતારના કારણ છે ને શ્રી નરનારાયણને વિષે જે માણસ ભાવ રાખે છે તેને અનેક દેહ ધરવા પડે છે ને ચોરાશીના દુઃખનો ને જમપુરીના દુઃખનો તેનો પાર આવતો નથી અને જે શ્રી નરનારાયણને વિષે અક્ષર, અક્ષરપણું સમજે છે તે જન્મ ધરીને ચોરાશી ફેરી છૂટી જાય છે માટે આપણા ઉદ્ધવસંપ્રદાયના સર્વે સત્સંગી, આ જે ભગવાનની મૂર્તિ જે કોઈ ગાયું ને દેખાય છે જે આગળ થશે તેને વિષે મનુષ્યભાવ કોઈ કલ્પશો મા...

(અમ. ૪)

---- આ શ્રી નરનારાયણને અમે અમારું રૂપ જાણી અતિ આગ્રહ કરીને સર્વેથી પ્રથમ આ શ્રી નગરને વિષે પધરાવ્યા છે માટે આ શ્રી નરનારાયણને વિષે ને અમારે વિષે ક્યારે પણ ભેદ સમજવો નહીં ને બદરિકાશ્રમના નિવાસી પણ એજ છે....

(અમ. ૬)

....અને જેની ઉપર ક્રોધ ઉપજે તેને આપણા સ્વામી જે શ્રી નરનારાયણ તેનો ભક્ત જાણીને તત્કાળ માન મૂકીને નમસ્કાર કરવો ને પ્રાર્થના કરવી પણ દેહ દ્રષ્ટિ ન રાખવી ને હું મોટો છું ને ઉત્તમ છું ને આ તો મોટો નથી ને નાનો છે એવી રીતે દેહદ્રષ્ટિ ન કરવી ને આપણા ઈષ્ટદેવ જે શ્રી નરનારાયણ તે પણ ક્રોધ તથા માન નથી રાખતા માટે તે શ્રી નરનારાયણના આશ્રિત એવા જે ઉદ્ધવ સંપ્રદાયના આપણ સર્વે તેમણે ક્રોધ તથા માન તેનો સર્વ પ્રકારે ત્યાગ કરવો....

(અમ. ૮)

...દુરવાસના ટાળવાનો તો એ ઉપાય છે જે જ્યારે અમે બાંધી એવી જે ધર્મ મર્યાદા તેથી બહાર સંકલ્પ થાય તથા કોઈ હરિજનના તથા સંતના અવગુણનો સંકલ્પ થાય ત્યારે નરનારાયણ સ્વામિનારાયણ એમ વારંવાર ઉચ્ચ સ્વરે કરીને નામ ઉચ્ચારણ કરવું....

(જેત. 3)

....તમ જેવા સાધુ તેની તો વાતજ નોખી છે .... તમને જે કોઈ ભાવે કરીને જમાડશે તેને કોટિ યજ્ઞનું પુણ્ય થશે, ને અંતે મોક્ષને પામશે અને તમારા ચરણોને જે કોઈ સ્પર્શ કરશે તેના કોટિ જન્મના પાપ નાશ પામશે ને તમને ભાવે કરીને વસ્ત્ર ઓઢાડશે તેનું પરમ કલ્યાણ થશે..... ધર્મ નિયમ વાળા તમ જેવા સંતની સર્વે ક્રિયા કલ્યાણરૂપ છે કેમ જે પ્રત્યક્ષ શ્રી નરનારાયણ ભગવાનનો તમારે દૃઢ આશરો છે, ને તે શ્રી નરનારાયણ ભગવાન તમારી સભામાં નિરંતર બિરાજે છે..... ને શ્રી પુરુષોત્તમ તે જ્યોતિ આનંદ તમને સર્વને શ્રી નરનારાયણ અભિરૂપ થઈને પ્રગટ થયા છે માટે નિઃસંશય થઈને આનંદમાં ભજન કરજો....

(જેત. ૪)

....સર્વે સાંભળો આજતો અમારે જેમ છે તેમ વાત કરવી છે જે ભગવાનને ભજવા સરખી બીજી વાત મોટી નથી, કાં જે ભગવાનનું કર્યું સર્વે થાય છે, અને આ અમે તો આ સભાનું કર્યું પણ થાય છે, અને શ્રી નરનારાયણની ઈચ્છાએ કરીને અમારું કર્યું પણ થાય છે....... જેને ભગવાન ભજવામાં જેટલી કસર છે તેટલી એને સર્વે ક્રિયાને વિષે બરકત થતી નથી.... હું તો ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ ત્રણ કાળને વિષે સર્વ ક્રિયાને જાણું છું અને આંહી બેઠા સતા પણ સર્વેને જાણીએ છીએ અને માતાના ઉદરને વિષે હતા તે દિવસ પણ જાણતા હતા, અને ઉદરને વિષે નહોતા આવ્યા તે દિવસ પણ જાણતા હતા કેમ જે અમે તો ભગવાન જે શ્રી નરનારાયણ આદિ તે છીએ ..... અમે વારે વારે શ્રી નરનારાયણ દેવનું મુખારવિંદ ભાળીએ છીએ તેનું તો એજ કારણ છે શ્રીહરિ

પુરુષોત્તમ અક્ષરધામના ધામી ને શ્રી નરનારાયણ
તેઓ આ સત્સંગમાં નિત્ય બિરાજે છે તે સારું ગુણગાવું
ભાવીએ છીએ. અને તે સારું અમે અમારું રૂપ નાખીને
ઉભો કરિયાનું અક્ષર મૂકીને નિરાકારાનંદ મોટે
શ્રી અમદાવાદમાં પધરાવીને શ્રી નરનારાયણની મૂર્તિનું
પૂજન પધરાવી છે.....પ્રત્યક્ષ શ્રી નરનારાયણ તેને
મોટીને આ ભરતખંડના મનુષ્ય ઉભા રહીને ભજે છે
તેનો જેમ ભક્તિમાર્ગી સમાધિ હોય તે પોતાના
ધણીને મોટીને ઉભા ભજને ભજે તેમ છે......
અમે આ સંત સહિત મુકુંદના પ્રતાપને અક્ષર
પ્રકટ થયા છીએ તે માટે તમે જો અમારું વચન
માનશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ
તે ધામમાં તમને સહેજે તેડી જઈશું, અને તમે પણ
એવા ભાગ્યને ને અમારું પ્રતાપ એ સુણ્યું છે.
અને વળી અમારો દૃઢ વિશ્વાસ રાખશો તો પ્રીતિ
તેમ રહેશો તો તમને મહાપ્રકટ કીર્તિ આવી

પડશો તેમાં અક્ષર સાત દસણી જોઈ પડશો તે
જોની રહેવા પડશું અને ફરી ઉત્પાદનો આરો ન
હોય એટલું પટ આવી પડશો તોય પણ રહેવા
પડશું, જો અમારા સત્સંગના ધર્મ રૂડી રીતે પાળ
પાળશો તો, જો સત્સંગ રાખશો તો, અને નહીં
રાખો તો મહા દુઃખ પામશો તેમાં અમારે
ઉપાય નથી, જે અમે તો આ અમે કહેવાનું
કહ્યું બાકી નથી....

(લેખ. ૫)



....મહારાજ તારા ચરણારવિંદનું ધ્યાન
ધરું અતિ હેતમાં રે લોલ....